ડીસામાં પણ કોરોનાની એન્ટ્રી : બનાસકાંઠામાં વધુ ત્રણ કેસ પોઝીટિવ

ડીસાની મહિલા અને આસેડાનું દંપતી અમદાવાદથી આવ્યું હતું

ડીસા, તા. ૪

બનાસકાંઠામાં દિનપ્રતિદિન કોરોનાના પોઝીટિવ કેસ વધી રહ્યા છે ત્યારે ડીસા સહિત તાલુકામાં ગતરોજ ત્રણ કેસ પોઝીટિવ આવતા બનાસકાંઠામાં પોઝીટિવનો આંકડો ૪૧ થવા પામ્યો છે.

કોરોનાને લઈને સમગ્ર દેશ ચીંતીત છે ત્યારે ગુજરાતમાં પણ કોરોના પોઝીટિવનો આંકડો ચિંતાજનક હદે વધી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં પણ દિનપ્રતિદિન કોરોના પોઝીટિવના કેસ બહાર આવી રહ્યા છે. ડીસા તાલુકાના આસેડા ગામના બાબુભાઈ ઉકાભાઈ વાઘેલા અને તેમની પત્ની દેવીબેન બાબુભાઈ વાઘેલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે જયારે ડીસાના સોનીબજાર પાછળ રહેતા અને મૂળ અમદાવાદના નીતાબેન નરેશભાઈ દૈયાનો પણ પોઝીટિવ રિપોર્ટ આવતા સારવાર અર્થે કોવિડ હોસ્પિટલમાં ખસેડાયા છે. જેથી બનાસકાંઠામસ અત્યાર સુધી પોઝીટિવ કેસનો આંક ૪૧ થવા પામ્યો છે. ડીસામાં ત્રીજા તબક્કાના લોકડાઉનના પ્રથમ દિવસે જ ત્રણ કેસ પોઝીટિવ આવતા ડીસા શહેર અને આસપાસના વિસ્તારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

બનાસકાંઠા આરોગ્ય વિભાગ દ્વારા સતત સેમ્પલ લેવાઈ રહ્યા છે ત્યારે સેમ્પલ દરમ્યાન આ ત્રણ પોજેટિવ કેસ મળી આવ્યા હતા. જોકે હાલ આરોગ્ય વિભાગ દ્વારા ડીસા સહિત આસેડા ગામમાં ચકાસણી હાથ ધરાઈ છે.

સાબરકાંઠામાં કોરોનાના બે પોઝીટીવ કેસ નોંધાયા

એકનું મોત અન્ય એક સારવાર હેઠળ : આગીયોલ અને સાંપડ ગામને કોન્ટોનમેન્ટ જાહેર કરાયા : બંને ગામમાં પોલીસનો સપ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં થોડા સમય અગાઉ કોરોનાના ત્રણ કેસ નોંધાયા બાદ ત્રણેય સાજા થઈ ગયા બાદ તેમને હોસ્પિટલમાંથી સ્ટાફ દ્વારા તાળીઓનું સન્માન આપીને ઘરે મોકલી દેવાયા હતા. દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉનનો ત્રીજો તબક્કો સોમવારથી શરૂ થયો છે. ત્યારે પ્રથમ દિવસે જ કોરોનાના વધુ બે કેસ નોંધાતાની સાથે જ તંત્રમાં હડકંપ મચી ગઈ છે. જોકે જિલ્લા કલેક્ટરે તરત જ આ બંને ગામોને કોન્ટોઈમેન્ટ જાહેર કરીને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવા માટે આદેશ કર્યા હતા. સોમવારે નોંધાયેલા બે કેસમાં એક મહિલા તથા એક પુરૂષનો સમાવેશ થાય છે. જોકે પ્રાંતિજ તાલુકાના સાંપડ ગામનો યુવાન અગાઉ કોરોનામાં સપડાયા બાદ તે સાજો થઈ ગયો હતો. પરંતુ રવિવારે તેને હિંમતનગરની હોસ્પિટલમા લવાયા બાદ તેને કોરોનાના લક્ષણો જણાયા હતા અને તેનુ સોમવારે મોત નિપજ્યુ હતુ. જ્યારે હિંમતનગર તાલુકાના આગયોલ ગામની એક ૩૦ વર્ષની મહિલાને કોરોના થતા તેને હિંમતનગર સિવિલમાં દાખલ કરાઈ છે.

આ અંગે હિંમતનગર સિવિલના ડૉ. એન.એમ. શાહના જણાવાયા મુજબ પ્રાંતિજ તાલુકાના સાંપડ ગામના લાલભાઈ માધાભાઈ રાવળને થોડા દિવસ પહેલા કોરોના થયો હોવાથી તેમને સારવાર માટે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં સારવાર કારગત નિવડતા તેઓ સાજા થતા તેમને સાંપડ ગામે લવાયા હતા. દરમિયાન પ્રાંતિજના પ્રાંત ઓફીસર તથા આરોગ્ય કર્મીઓ દ્વારા તાત્કાલિન સમયે લાલભાઈ રાવળનું ફુલછડીથી સન્માન કરી તાળી પાડી માન આપવામાં આવ્યુ હતુ. તેઓ થોડા દિવસ ઘરે રહ્યા બાદ ગત તા. ૨ મે ના રોજ તેમની તબિયત લથડતા સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા અને તેમના નમુના લઈ પૃથ્થકરણ માટે મોકલી અપાયા હતા જેનો રીપોર્ટ સોમવારે આવી ગયો હતો જેમાં કોરોના પોઝીટીવ હોવાનું જણાયુ હતુ દરમિયાન સોમવારે બપોરે અચાનક તેમની તબિયત વધુ લથડતા તેઓ કોરોના સામેનો જંગ હારીને પ્રભુ શરણ થઈ ગયા છે.

તો બીજી તરફ હિંમતનગર તાલુકાના આગીયોલ ગામના સુમિત્રાબેન લાલસિંહ પરમાર (ઉં.વ.૩૦)ની તબિયત લથડતા તેણીને પણ ગત તા. ૨ મેના રોજ સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયા હતા ત્યારબાદ તેણી કોરોનામાં સપડાઈ છે કે નહી તેની તપાસ કરવા માટે સેમ્પલ લેવામાં આવ્યા હતા અને તેને તપાસ માટે અમદાવાદ મોકલાયા હતા જેનો રીપોર્ટ સોમવારે આવી જતા સુમિત્રાબેને કોરોના પોઝેટીવ હોવાનું જાહેર થયુ હતુ જોકે સિવિલના સત્તાવાળાઓએ સુમિત્રાબેનને સિવિલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરીને તબિબોની નિગરાની વચ્ચે સારવાર અપાઈ રહી છે.

સાબરકાંઠા જિલ્લામાં લોકડાઉનના ત્રીજા તબક્કાના પ્રથમ દિવસે સમગ્ર જિલ્લાને ઓરેન્જ ઝોનમાં મુકીને કેટલીક છુટછાટો અપાયા બાદ સોમવારે હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે બજારોમાં લોકોની ચહલપહલ જોવા મળી હતી. દરમિયાન ફરીથી બે કેસ નોંધાયા બાદ જિલ્લાવાસીઓમાં ભયનો માહોલ ઉભો થઈ ગયો છે. જોકે જિલ્લા કલેક્ટર સીજ.જે. પટેલે આગીયોલ તથઆ સાંપડ ગામને ૧૪ દિવસ માટે કોન્ટોઈમેન્ટ જાહેર કરીને લોકોની અવરજવર પર પ્રતિબંધ મુકી દીધો છે તથા બંને ગામમાં પોલીસનો બંદોબસ્ત પણ ગોઠવી દેવા માટે પોલીસતંત્રને આદેશ કરી દેવામાં આવ્યા હતા.

તંત્રની મુંઝવણ વધી

સાંપડ ગામના કોરોનાના દર્દી અગાઉ સ્વસ્થ થઈને ઘરે આવ્યા બાદ પ્રાંતિજના પ્રાંત અધિકારી તથા અન્ય સરકારી કર્મચારીઓએ સાંપડના આ યુવાનનું સન્માન કર્યુ હતુ. પરંતુ સોમવારે આ યુવાન કોરોના સામેનો જંગ હારી ગયો છે ત્યારે તેના સંપર્કમાં આવેલા અધિકારીઓ અને કર્મચારીઓને ૧૪ દિવસ માટે કોરોન્ટાઈન કરવા કે નહી તે અંગે તંત્ર અવઢવમાં મુકાઈ ગયુ છે. હવે જોવાનું એ રહે છે કે સરકારની ગાઈડલાઈન્સ મુજબ જિલ્લાનું તંત્ર શુ કરે છે તે સમય બતાવશે.

સિવિલ સર્જન શું કહે છે

સિવિલ સર્જન ડૉ. એન.એમ. શાહના જણાવાયા મુજબ આગીયોલ ગામના સુમિત્રાબેનનું બે દિવસ અગાઉ સેમ્પલ લેવામાં આવ્યુ ત્યારે તેમનામાં બિમારીના કોઈ લક્ષણો દેખાયા ન હતા જેથી તેણી ઘરે ગયા હતા પરંતુ સોમવારે કોરોના પોઝેટીવના લક્ષણોનો રીપોર્ટ આવ્યા બાદ તેણીને તરત જ હિંમતનગર સિવિલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરી દેવાયા છે.

પાલનપુર રેલવે સ્ટેશનથી ઉપડેલી સ્પેશિયલ ટ્રેનમાં ૧૨૩૭ શ્રમિકોને વતન મોકલાયા

ઉત્તર ગુજરાત અને ગાંધીનગર મળી કુલ છ જિલ્લાના શેલ્ટરોમાં રખાયેલા શ્રમિકો રવાના થયા

કોરોના વાયરસના કારણે લોકડાઉન અપાતા બહારના રાજ્યો માંથી આવેલા શ્રમિકો ઉત્તર ગુજરાતમાં ફસાઈ ગયા હતા. વાયરસના કારણે સરકારને સતત ત્રીજા તબક્કામાં લોક ડાઉન જાહેર કરવું પડ્યું છે. પરિણામે ખાસ કરીને ગરીબ અને શ્રમિક વર્ગ ભારે મુશ્કેલીઓમાં મુકાયો છે. શ્રમિકો જે સ્થળે હોય ત્યાં જ ફસાઈ ગયા છે.

જ્યાં ઉત્તર ગુજરાતમાં પણ બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી તેમજ ગાંધીનગર જિલ્લામાં ઉત્તર પ્રદેશ સહિતના રાજ્યોના શ્રમિકોને સેલ્ટર હોમમાં રાખવામાં આવ્યા હતા. દરમિયાન સરકાર દ્વારા તેમને વતનમાં પહોંચાડવાની લીલી ઝંડી મળતાં ૪૦ બસોમાં ભરીને શ્રમિકોને વહેલી સવારે પાલનપુર રેલ્વે સ્ટેશને લવાયા હતા. જ્યાં શ્રમિક સ્પે. ટ્રેન નં ૦૯૪૧૫ પાલનપુર થી આગ્રા કેન્ટ પાલનપુરથી સવારે ૦૭.૧૦ વાગે રવાના થઈ હતી. જેમાં ૧૨૦૦ પુખ્ત અને ૩૭ બાળકો સાથે ૧૨૩૭ શ્રમિકોને યુપી મોકલવામાં આવ્યા હતા. ૭૩૫ કીમીનું અંતર નોન સ્ટોપ કાપીને ટ્રેન સાંજે ૦૪.૩૫ વાગે આગ્રા પહોંચશે.

દરમિયાન સરકાર દ્વારા તેમને વતનમાં પહોંચાડવાની લીલી ઝંડી મળતાં ઉત્તર ગુજરાત અને ગાંધીનગર મળી કુલ છ જિલ્લાના શેલ્ટરોમાં રખાયેલા ૧૨૩૭ શ્રમિકોને સોમવારે પાલનપુર રેલવે સ્ટેશનથી ઉપડેલી સ્પે. ટ્રેનમાં તેમના વતનમાં રવાના કરવામાં આવ્યા હતા.સમગ્ર દેશમાં હાહાકાર મચાવનાર કોરોના

સાબરકાંઠામાં લોકડાઉનમાં અપાયેલી છુટછાટના ધજીયા ઉડ્યા

હિંમતનગર સહિત વિવિધ સ્થળે લોકો બજારમાં ઉમટી પડ્યા

હિંમતનગર, તા. ૪

કોરોના વાયરસને પગલે સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૩૮ દિવસથી લોકડાઉનને લઈને બજારો તથા ઉદ્યોગ, ધંધાઓ અને ખાનગી તથા સરકારી વાહનો અને રેલ સેવા બંધ છે. ત્યારે સોમવારે સાબરકાંઠા જિલ્લાને ઓરેન્જ ઝોનમાં મુકાયા બાદ કેટલીક છુટછાટો અપાઈ હતી પરંતુ હિંમતનગર સહિત જિલ્લાના અન્ય સ્થળે રહેતા લોકો કીડીયારાની જેમ બજારમાં વાહન લઈને ઉતરી પડતા ખરેખર છુટછાટના ધજીયા ઉડી ગયા છે. જો આમ જ ચાલશે તો કોરોનાનું સંક્રમણ વધી જશે અને સાબરકાંઠા રેડ ઝોનમાં આવે તે પહેલા અધિકારીઓએ પગલા લેવા જોઈએ.

સોમવારે લોકડાઉનના ત્રીજા તબક્કામાં અપાયેલી છુટછાટને પગલે હિંમતનગરમાં ટાવર રોડ, જુનાબજાર, મહાવીરનગર, મહેતાપુરા, મોતીપુરા અને સ્ટેશનરોડ સહિત મુખ્ય બસ સ્ટેન્ડની આજુબાજુ આવેલી દુકાનો ચાલુ થઈ ગઈ હતી. જેના લીધે બજારોમાં ચહલપહલ વધી ગઈ હતી.

દરમિયાન પોલીસતંત્ર અને વહિવટીતંત્રએ લોકોને લોકડાઉનનો ભંગ ન કરીને સોશિયલ ડીસ્ટબન્સ જાળવી રાખવાની અપીલને પણ લોકો ગણકારતા ન હતા. જેને લઈને બજારોમાં ટોળા જોવા મળ્યા હતા. આવી જ પરિસ્થિતિ પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના અન્ય સ્થળે પણ જોવા મળી હતી. હવે ડર એવો ઉભો થયો છે કો લોકડાઉનના ત્રીજા તબક્કામાં અપાયેલી છુટછાટને પગલે લોકોનું સંક્રમણ વધે તો તેના કારણે સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કેસ વધે તેવી શક્યતા નકારી શકાતી નથી.

જેથી જિલ્લા કલેક્ટર તથા પોલીસતંત્રએ કડકાઈ વાપરીને લોકડાઉનમાં અપાયેલી છુટછાટનો જિલ્લાની પ્રજા દુરઉપયોગ ન કરે અને જરૂરી કામ સિવાય ઘરની બહાર ન નિકળે તે માટે સખ્તાઈનો અમલ કરવો જોઈએ નહીં તો પછી આગામી દિવસોમાં અરવલ્લીની જેમ સાબરકાંઠા જિલ્લો પણ રેડ ઝોનમાં મુકાઈ જશે.

સરકારે છૂટ આપતાં રાજસ્થાન તરફ જવા ધારેવાડા ચેકપોસ્ટ ઉપર વાહનોની લાંબી કતારો

પોલીસે તમામ વાહનો રોકાવી વાહનોની પરમિશન તપાસી આગળ જવા મંજૂરી આપી

પ્રતિનિધી છાપી

કોરોના વાયરસ ને લઈ દેશ માં ચાલી રહેલા લોકડાઉન માં ફસાયેલા લોકો વતન માં જવા સતત પ્રયાસ કરતા અને છેલ્લા ૩૮ દિવસ થી વિવિધ શહેરો માં ફસાયેલા રાજસ્થાન ના લોકો મોટી સંખ્યા માં રાજસ્થાન તરફ જવા પ્રયાસ કરતા ધારેવાડા બોર્ડર ઉપર પોલીસે રોકી તપાસ હાથ ધરતા વાહનો નો ખડકલો જોવા મળ્યો હતો જોકે બાદ માં ઉપલા અધિકારી ની સૂચના મળતા જવા મંજૂરી આપી હતી.

લોકડાઉન માં ફસાયેલા અન્ય રાજ્યો ના લોકો ને વતન પરત મોકલવા સરકાર ના નિર્ણય ને લઈ પાટણ જિલ્લા ને અડીને આવેલી બનાસકાંઠા ની ધારેવાડા બોર્ડર ઉપર શુક્રવાર વહેલી સવાર થી દક્ષિણ ગુજરાત ના સુરત , નવસારી , વાપી , ભરૂચ તેમજ અમદાવાદ માં ફસાયેલા રાજસ્થાન ના લોકો કારો , લકઝરી બસો તેમજ ટ્રકો મારફત રવાના થયા હતા જોકે છાપી ની ધારેવાડા ચેકપોસ્ટ ઉપર પોલીસે તમામ વાહનો ને રોકાવી પાસ , પરમીટ ની તલાશી લઈ ઉપલા અધિકારીઓ ની સૂચના બાદ તમામ લોકો ને રવાના કર્યા હતા ચેકીંગ દરમિયાન ધારેવાડા બોર્ડર ઉપર મોટી સંખ્યા માં વાહનો નો ખડકલો થયો હતો દરમિયાન તમામ લોકો ને સામાજિક સંસ્થાઓ દ્વારા તેમજ છાપી પોલીસ દ્વારા ઠંડા પાણી સહિત જમવાની વ્યવસ્થા કરી માનવતા ની ઉત્તમ મિશાલ પ્રસ્થાપિત કરી હતી.

ધનસુરામાં કોરોના વોરિયર્સનું પુષ્પ વર્ષાથી સન્માન કરાયું

ધનસુરામાં કોરોના વોરિયર્સનું ગામના અગ્રણીઓ અને ગામલોકો ધ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કોરોનામાં કામ કરતા પોલીસ જવાનો અને ગ્રામ પંચાયતના કર્મચારીઓ પર પુષ્પ વર્ષા કરી સન્માન કરવામાં આવ્યું હતું અને સાથે ગરમીને લઈને ધનસુરા ગ્રામ પંચાયતના સદસ્ય મનહરભાઈ પટેલ ધ્વારા ૫૦ થેલી છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, ધનસુરા મામલતદાર, ગ્રામ પંચાયતના સદસ્ય મનહરભાઈ પટેલ, અગ્રણી નરેન્દ્રભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, બિહારીભાઈ જોશી હાજર રહ્યા હતા. હાજર સૌએ જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસવડા, જિલ્લા વિકાસ અધિકારી ધનસુરા મામલતદાર, ધનસુરા પી.એસ.આઈ. કે.એસ. સિસોદીયા, ધનસુરા તાલુકા વિકાસ અધિકારી સૌનો આભાર માન્યો હતો.

કાચબાઓના જીવ બચાવવા સંસ્થાઓ દ્વારા

ટેન્કર વડે તળાવ ભરવાની શરૂઆત : તાત્કાલિક નવો પાણીનો બોર બનાવવા માટે આગેવાનો આગળ આવ્યા

ઉનાળાની શરૂઆત થતા જ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના રામપુરા ગામનું તળાવ સુકાઈ જતા ૪૦૦૦ જેટલા કાચબાઓનું અસ્તિત્વ ટકાવી રાખવું મુશ્કેલ બન્યું છે નો અહેવાલ પ્રસારિત થતા જ વહીવટી તંત્ર દોડતું થયું હતું સ્થળ પર જઈને તપાસ કરવામાં આવી હતી... તો બીજી તરફ સ્થાનિક સંસ્થાઓ દવારા તાત્કાલિક ટેન્કર વડે પાણી મંગાવીને સૂકા ભઠ તળાવમાં પાણી નાખી કાચબાઓને બચાવવાના પ્રયાસ હાથ ધરાયા છે.

ધાનેરા સેવાભાવી સંસ્થાઓ દ્વારા ૨૦૦ ટેન્કર પાણી તળાવમાં નાખવામાં આવશે તેમજ ધાનેરાના નાયબ કલેકટરને સિપુ ડેમના પાણી વડે તળાવ ભરી કચબાઓ બચાવવા માટે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

વહીવટી તંત્ર જાગે તે પહેલાં કાચબાઓને બચાવવા ભાજપ અને કોંગ્રેસના આગેવાનો આગળ આવ્યા છે. ધાનેરા નગર પાલિકાના કોંગ્રેસ ના પૂર્વ પ્રમુખ બળવંત બારોટ અને નગરપાલિકાના એક કોરપરેટર સંકલ્પ કર્યો હતો.. ધાનેરાં શહેરના ભાજપ અને કોંગ્રેસના આગેવાનો નવો બોર બનાવવા માટે ગ્રામ પંચાયતના સરપંચને ૪લાખ ભેગા કરી આપશે.. સિપુ ડેમની પાઈપ લાઈન આ તળાવમાં મુકેલી છે જો વહીવટી તંત્ર દ્વારા સિપુ ડેમનું પાણી તળાવમાં છોડવામાં આવે તો મોટી સંખ્યામાં કાચબાઓનો જીવ બચાવી શકાય છે તે ઉપરાંત રખડતા પશુઓ પણ તળાવના પાણી થી પોતાની તરસ છીપાવી શકે છે.

પાલનપુરમાં ભરઉનાળે ચોમાસા જેવો માહોલ

બનાસકાંઠા જીલ્લામાં થરાદ-વાવ તાલુકામાં ભરઉનાળે ગરમી અને બફારા વચ્ચે સોમવારે સાંજના સુમારે વરસાદે અચાનક એન્ટ્રી કરતાં ઠંડક પ્રસરી હતી. બનાસકાંઠા જિલ્લાના સરહદી થરાદ ,વાવ તાલુકામાં થોડા દિવસો અગાઉ પણ કરા સાથે વરસાદ પડ્યો હતો ત્યારબાદ ફરી સોમવારે થરાદ અને વાવ પંથક તેમજ પાલનપુર, ડીસામાં પણ સાંજના સુમારે ભારે વાવાઝોડા સાથે વરસાદ અને કરા પડ્યા હતા ત્યારે જાણે ભર ચોમાસુ ચાલતું હોય તેવો માહોલ સર્જાયો હતો ત્યારે ભારે વાવાઝોડાના કારણે કેટલાક વૃક્ષોની ડાળીઓ પણ ભાંગી પડી હતી આમ બફારા વચ્ચે વીજળીના કડાકા ભડાકા સાથે ભારે વરસાદ પડતાં ભર ઉનાળે ચોમાસુ માહોલ સર્જાયો હતો.

અરવલ્લીમાં કોરોનાના મોડાસામાં બે અને વાત્રકમાં ત્રણ દર્દીઓ સારવાર હેઠળ

અરવલ્લી જિલ્લામાં રવિવારે સાંજે બાયડ તાલુકાના લાંક ગામે કોરોના પોઝિટવનો કેસ સામે આવતા જિલ્લામાં કોરોના દર્દીઓની સંખ્યા ૨૦ સુધી પંહોચી ગઇ છે તેની સામે અરવલ્લી જિલ્લા માટે સુખદ સમાચાર એ છે કે અત્યાર સુધી ૧૩ દર્દીઓનો રીપોર્ટ નેગેટીવ આવતા રજા આપવામાં આવી છે.

આ અંગે વિગત આપતા જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શ્રી ડૉ. અમરનાથ વર્માએ જણાવ્યું હતું કે અરવલ્લી જિલ્લામાં કોવિડ-૧૯ના આજ દિન સુધી ૨૦ પોઝીટીવ કેસ નોધાયેલ છે. પોઝીટીવ દર્દી ઓના સંર્પકમાં આવેલા લોકોને સંક્રમણનું જોખમ સૌથી વધુ હોય છે. કોરોના વાયરસના સંક્રમણ અટકાવવા પૂરતી તકેદારીના ભાગરૂપે કોવિડ-૧૯ના કન્ટેન્ટમેન્ટ ઝોનના ૨૫ ગામોમાં આરોગ્ય વિભાગની ૧૭૧ ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી કરી ૩૯૮૬૧ લોકોના આરોગ્યની ચકાસણી કરાઈ છે. જેમાંથી શંકાસ્પદ દર્દી મળી આવ્યા નથી. તેમ છંતા તકેદારીના ભાગરૂપે ૧૩૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. સોમવારે ભિલોડાના કુશ્કી ગામના ૨૩ વર્ષિય બિન્દુબેન રમેશભાઈ પટેલને મોડાસાના કોવિડ કેર સેન્ટરમાંથી રજા અપાતા જિલ્લામાં અત્યાર સુધી ૧૩ દર્દીઓ પોતાના ઘરે પરત ફર્યા છે. જયારે હાલ મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં બે અને વાત્રકમાં ત્રણ મળી કુલ પાંચ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે વાત્રકના કોવીડ કેર સેન્ટરમાં કોરોના શંકાસ્પદ દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લામાં કોરોના વાયરસના નિદાન માટે પી.સી. આરથી ૯૦૭ તથા રેપીડથી ૫૭ મળી કુલ ૯૬૪સેમ્પલ લેવામાં આવ્યા છે.જે પૈકી ૪૦૮ સેમ્પલનો રીપોર્ટ બાકી છે.

પ્રાંતિજના કાટવાડ ખાતે હાથમતી નદીમાં ડૂબી જતાં યુવકનું મોત

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કાટવાડ ખાતે આવેલ હાથમતી નદીમાં યુવાન ડૂબી જતાં પાણીમાં ગરકાવ થતા યુવકનું મોત થયુ હતુ. પ્રાંતિજના કાટવાડ ખાતે કાટવાડનો જ ૪૦ વર્ષનો યુવક મકવાણા મુળસિંહ લાલસિંહ ઉ.વર્ષ-૪૦ કે જેવો એક દિવસથી ઘરેથી ગુમ હતા. પરીવાર દ્વારા શોધખોળ હાથ ધરી હતી ત્યારે ગામની સીમમાં આવેલ હાથમતી નદીના ચુલીયો ધરા પાસે યુવાનના પગરખા મળતા ગામમાં વાત વહેતી થઈ હતી. પરિવારના સભ્યો સહિત ગ્રામજનો હાથમતી નદી પાસે દોડી આવ્યા હતાં તો અને શોધખોળ હાથ ધરી હતી. આ અંગેની જાણ પ્રાંતિજ ફાયર ટીમ હિંમતનગર ફાયર ટીમને જાણ કરતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પ્રાંતિજ પોલીસને પણ જાણ થતા ઘટના સ્થળે દોડી આવી હતી. પ્રાંતિજ-હિંમતનગર ફાયર ટીમને ભારે જહેમત બાદ યુવાન મુળસિંહ મકવાણાની લાશ મૃત હાલતમાંથી બહાર કાઢવામાં આવી હતી. આ અંગે પ્રાંતિજ પોલીસે પણ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજના સાપડનો યુવાન કોરોના સામેની જંગ હારી ગયો

૩૦ વર્ષના યુવાનનું કોરોનાથી મોત : હિંમતનગર સિવિલમા સારવાર દરમિયાન મોતમ : અગાઉ પણ યુવકને પોઝિટીવ આવ્યો હતો : રજા બાદ ફરી દાખલ કરવામાં આવ્યો હતો : ફરી રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો

પ્રાંતિજ તા.૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાપડનો યુવાન કોરોના સામેની જંગ હારી ગયો.

પ્રાંતિજના સાપડ ખાતે રહેતો યુવાન લાલભાઈ માધાભાઈ રાવળ ઉ. વર્ષ કે જેને અગાઉ પણ કોરોનાનો પોઝિટીવ રીપોર્ટ આવ્યો હતો અને તેને અમદાવાદ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો તો અને ૧૪ દિવસની સારવાર બાદ તેને બે રીપોર્ટ નેગેટિવ આવતા ડીસ્ચાર્જ કરાવ્યો હતો અને તેનું સાપડ ખાતે ભવ્ય સ્વાગત પણ થયું હતું તો બે દિવસ બાદ તેને ફરી ઉથલો મારતાં હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જયા તેનો રીપોર્ટ ફરી પોઝિટીવ આવ્યો હતો તો સારવાર દરમ્યાન આજે યુવાન કોરોનાની જગ સામે જગ હારી ગયો હતો. તો જિલ્લામાં કુલ પોઝિટીવ કેસોમાથી બેને નેગેટિવ થતા રજા આપવામાં આવી છે અને એમ હિંમતનગરના આગયોલની મહિલાને કોરોના પોઝિટીવ આવતા હાલ સારવાર અર્થે દાખલ કરવામાં આવી છે તો યુવાનનું મોત થતા સાબરકાંઠા મા પણ મોતનો આંક પણ એક નોધાયો છે તો સ્થાનિક તંત્ર સહિત જિલ્લા તંત્ર પણ હાલ તો દોડતુ થયું છે.